# “જૈનો જાગો - આતમ્ જગાડો”

## વિશેષાંક-૧૭

આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં અને ૨૬૦૦ વર્ષની અંદર જ્યારે શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન સાક્ષાત સદેહે વિચરતાં હતાં ત્યારે તેમની મોક્ષ જ્ઞાન ધર્મની અલભ્ય અને અપુર્વ વાણી દેશનાનાં પ્રભાવથી આકર્ષાઈને જે બાળજીવો તેમનાં આશ્રયમાં આવ્યાં - તેમને શ્રધ્ધવાં લાગ્યા અને તેમની જ્ઞાન-આજ્ઞાનાં આશ્રીત બન્યાં - તેઓ જૈન કહેવાયા અને તેઓનો સમુહ “એજ” જૈન સંપ્રદાય. “અને”
જે જીવાત્માઓ શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની મોક્ષ જ્ઞાન ધર્મની દેશનાનાં પ્રભાવથી મંત્રમુગ્ધ બનીને - તેમની નિશ્રામાં - આશ્રીત બનીને સ્થિર થયા, “તે” જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થા કહેવાણી. “અને” શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં આવ્યું - કોઈ વખત સાધુ-સંસ્થાની સલામતિ જોખમાણી - કોઈ વખત મોક્ષ જ્ઞાન ધર્મનાં શ્રી શાસ્ત્રોનાં વિનાશનો ખતરો આવ્યો - કોઈ વખત તીર્થ ક્ષેત્રનાં નાશનો વખત આવ્યો - કોઈ વખત તંત્રો-મંત્રોનાં તાંત્રિકો તરફથી ભય આવ્યો - કોઈ વખત સંપ્રદાય વેર-વિખેર થવાનાં સંજોગો આવ્યાં - સર્વ-સારાંશે - મોક્ષ જ્ઞાન ધર્મ ઉપર અનેક પ્રકારનાં વિઘ્નો આવ્યાં. “ત્યારે”
જૈન સંપ્રદાયનાં સંઘ-મહાસંઘ અને સંઘનાં મહાન-ગુણવાન-ધૈર્યવાન-હિંમતવાન ટ્રસ્ટીઓ-શ્રેષ્ઠીઓ અને ધર્મ ધારણ કરેલાં શ્રી આચાર્ય ભગવંતોએ - પ્રાણને જોખમમાં મુકીને - પ્રાણનાં ભોગે - સગાવાદને વચ્ચે લાવ્યાં વગર - સાધુ આચારનો “પણ” વિચાર કર્યા વગર “એક-માત્ર”
“મોક્ષ-જ્ઞાન-ધર્મ”ને જાળવવાં માટે, સાચવવાં માટે અને શ્રી શાસ્ત્રોની સુરક્ષાએ રક્ષા અર્થે - જૈન સંપ્રદાયનાં - ગુણિયલ ટ્રસ્ટીઓ-શ્રેષ્ઠીઓ અને સાધુ-સંસ્થાનાં મહાન જ્ઞાનવિર્ય શ્રી આચાર્ય ભગવંતોએ - અન્ય ધર્મનાં અને અન્ય ધર્મનાં રાજા-મહારાજાઓને - બુધ્ધીબળથી - અર્થબળથી - જ્ઞાનબળથી - વિચારબળથી અને યોગબળથી સમજાવીને - મનાવીને, પ્રભાવીત કરીને - શ્રી તિર્થંકર પરમાત્માએ આપેલાં મોક્ષ-જ્ઞાન-ધર્મની સુરક્ષા કરી હતી. “કારણ”
શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને - આપેલાં મોક્ષ-જ્ઞાન-ધર્મની શ્રી જિન શાસનની સુરક્ષામાં‘જ’ જીવાત્મા સુરક્ષીતપણે સરળતાંથી ધર્મ ધારણ કરી લે છે. “અને”

# “ભ્રમણબોધ “એજ” મિથ્યાત્વ “અને” ભવમુક્તિબોધ એજ સમકિત”

મોક્ષ જ્ઞાન ધર્મને ધારણ કરવા માટે પરસ્પરનાં સાથ-સહયોગનાં આધાર માટે સંઘ-સંઘોની સંઘ રચનાઓ થઈ. “અને”
દરેક સંઘોને - સાથ-સહકારનો સહયોગ મળે સશક્તતાંએ એકતા-અંખડિતતાં જાળવવાં માટે - સંઘોનાં-સંઘ “એવાં” મહાસંઘની રચનાં થઈ.
“અને-તે-સર્વે”
શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીજીઓ, શ્રી ધર્માચાર્યો-શ્રી આચાર્યજીઓ, સંઘ-સંઘોનાં-મહાસંઘનાં શ્રેષ્ઠીગણો-ટ્રસ્ટીગણો, પોત-પોતાનાં કાર્યક્ષેત્રમાં રહેલાં કે આવેલાં કાર્યમાં, કાર્યશીલતાંમાં રહીને, જીવનલક્ષ બનાવીને - જીવન કર્તવ્યનો જીવનમંત્ર બનાવીને - જીવન પારાયણે પાલન કરવું અને એવું પાલન કરવાવાળાનો સમુહ સ્થાન “એજ” શ્રી જિન શાસન. “અને”
એવાં શ્રી જિન શાસનનાં સ્થાપક-સંસ્થાપક
“એજ”
“શ્રી તિર્થંકર પરમાત્મા - શ્રી મહાવીર સ્વામી ભગવાન અને તેમણે આપેલો મોક્ષ જ્ઞાન ધર્મ”. “અને-એજ”
શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી
ભગવાને આપેલું અને મોક્ષધર્મ સ્થાપેલું
“શ્રી જિન શાસન - શ્રી વીર શાસન”.
“અને”
એ શાસનનાં રક્ષક અને શાસનને
- અનુશાસનમાં રાખનાર
“શ્રી મા-ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં”.
“કે-જે”-‘શાસનને’
જગતમાં સર્વશ્રેષ્ઠ મોક્ષ ધર્મ શાસન કહેવાય છે અને ગણનાં થાય છે. “અને-એમાંજ”
જૈન સંપ્રદાયનું અને સાધુ-સંસ્થાનું સર્વશ્રેષ્ઠપણું રહેલું છે અને જળવાયેલું છે. “આવાં-મહાન” શ્રી જિન શાસન શ્રી વીર શાસનમાં મોક્ષ-જ્ઞાન-ધર્મ ઉપર શ્રી વીર પ્રભુનાં મહાનિર્વાણ કલ્યાણક પછી લગભગ ૨૫૦૦ વર્ષ સુધી અનેક પ્રકારનાં - અનેક પ્રકારથી મોક્ષ જ્ઞાન ધર્મનું ખંડન થાય, ધ્વંસ થાય, નાશ પામે એવી અનેક પ્રકારની, અનેક વખત પરિસ્થિતીઓ આકાર પામી-આવી. “જેવી-કે” અન્યધર્મીનાં ધર્માંધી રાજા-મહારાજાઓ કે વિધર્મી-ઘાતકી ધર્માંધી જીવો તરફથી - કોઈ વખત જૈન સંપ્રદાયનાં બાળજીવોની જીવન સલામતી કે જીવન આજીવિકાનું જોખમ ઉભું થયું - કોઈ વખત શ્રી પરમાત્માજીની પ્રતિમાઓ ખંડિત થવાનું જોખમ

**“મોક્ષ-જ્ઞાન-ધર્મનાં-ઉદય-પ્રભાતે”**

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસનમાં - શ્રી માં ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં નાં અનુશાસનમાં - જૈન સંપ્રદાયનાં “જે-કોઈ”**
**શ્રાવક-શ્રાવિકાઓ, ટ્રસ્ટીઓ-શ્રેષ્ઠીઓ, શ્રી ધર્માચાર્યો કે શ્રી આચાર્યજીઓ “મોક્ષ-જ્ઞાન-ધર્મનો” આદર-અહોભાવ ધરાવે છે, ભાવવંદનાએ-અનુમોદનાં કરે છે, અને “મોક્ષ-જ્ઞાન-ધર્મનો” બોધ આપીને બોધની સાધનાં-સાધતાં-સાધતાં “મોક્ષ-જ્ઞાન-ધર્મ”ની આરાધનાં આરાધાવે છે. “અને” મોક્ષ-જ્ઞાન-ધર્મનો પ્રચાર-પ્રસાર અને પ્રભાવ પ્રકાશીત કરવામાં “જે” જીવાત્માઓ તન-મન અને ધનની ભક્તિ સ્વરૂપથી સાથ-સહકાર અને સહયોગ આપે છે, એવાં જીવાત્માઓ “શ્રી શાસ્ત્ર-સિધ્ધાંતથી-નિશ્ચય-નિયમથી” વર્તમાન ભવમાં “જ” આત્મ કલ્યાણકારી બનીને આત્મ કલ્યાણને પામે છે. અને એવાં જીવાત્માઓ ઉપર શ્રી તિર્થંકર પરમાત્માનું અપુર્વ યોગબળ વરસે છે - શ્રી સદ્‌ગુરૂ-સંતોની અપાર કૃપાદ્રષ્ટિ રહે છે અને સમ્યકદ્રષ્ટિ દેવ-દેવીઓ સહિત સિધ્ધાંતધારી માં - ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં ની અત્યંત્ય સહાયકતાંએ સાથ-સહયોગની સરળતાંથી પ્રાપ્તી થાય છે. “જ્યારે”**
**જૈન સંપ્રદાયનાં બાળજીવ સ્વરૂપનાં શ્રાવક-શ્રાવિકાઓ કે સાધુ-સંસ્થાનાં સાધુ-સાધ્વીજીઓ કે ધર્માચાર્યો જ્ઞાનને જાણીને કે અજ્ઞાનમાં રહીને જાણતાં કે અજાણતાં “મોક્ષ-જ્ઞાન-ધર્મ”નો વિવાદ કરે - વિરોધ કરે - વિરોધ કરાવે “કે”**
**સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓને અજ્ઞાનમાં રાખીને - પુન્યબોધ આપીને ભ્રમણબોધ સ્થાપીને “મોક્ષ-જ્ઞાન-ધર્મનો” ધ્વંસ કરે છે, “મોક્ષ-જ્ઞાન-ધર્મનો” વિનાશે-દ્રોહ કરે છે - કરાવે છે - કરવામાં સાથ-સહયોગ આપીને - ધર્મઘાતનાં ભાવો ભાવે છે.**
**“એવાં”-“બાળજીવો”**
**“મોક્ષ સિધ્ધાંતે - જ્ઞાન પ્રમાણથી” અનંત ભવ-ભ્રમણમાં ભટકે છે અને અનંતા-અનંત દુઃખોને પામે છે - ભોગવે છે. “અને”**
**શ્રી જિન શાસનનાં રક્ષક સિધ્ધાંતધારી માં - ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં - તેનાં સિધ્ધાંતપણાંનાં કારણે - બાળજીવને તત્કાળ વર્તમાન ભવમાં‘જ’ અર્થહાનિ-માનહાનિ-દેહહાનિ સ્વરૂપની આધિ-વ્યાધિ-ઉપાધી સ્વરૂપથી - શિક્ષા કરીને “શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં મોક્ષ-જ્ઞાન-ધર્મનાં શાસનમાં - અનુશાસનથી અનુસંધાનનાં સિધ્ધાંતથી સ્થિર રહે છે - સ્થિરતાંએ વર્તીને સ્થિર રહે છે. “એવાં”**
**માં - ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં ને અત્યંત્ય ભાવથી સર્વ-સમયથી “ભાવ વંદનાંએ વંદનિયતાં”.**

જૈન સંપ્રદાયની ભાવિ પેઢીને - ભાવિ વારસદારોને “મોક્ષ-જ્ઞાન-ધર્મની” પ્રાપ્તી થઈ શકે એવાં “એક માત્ર” ઉમદા હેતુએ સાધુ-સંસ્થાનાં મહાન શ્રી આચાર્ય ભગવંતોએ મહાન કાર્યો કર્યા હતાં.
“અને-તેનાં-ફળ-પરિણામે”
વર્તમાન કાળ-ક્ષેત્રમાં જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓને - મુક્તિનાં ચાર પ્રખર અનિવાર્ય અંગોની પ્રાપ્તી થઈ છે.
“જેમાં-પ્રમુખતાંએ”
૧. જૈન સંપ્રદાયનાં શ્રાવક - શ્રાવિકાઓની જીવન સલામતિ સહિતની સ્થિરતાં.
૨. શ્રી તિર્થંકર પરમાત્માનાં ધર્મ સ્થાનકો.
૩. સાધુ-સંસ્થા અને તેનો સહજ યોગ.
૪. મોક્ષ જ્ઞાન ધર્મનાં શ્રી શાસ્ત્રો.
આમ મોક્ષ પ્રાપ્તીનાં પ્રમુખ ચાર અંગો કહેવાય છે, અને તેમાં “જો” પ્રથમનાં ત્રણ અંગ હોય “પણ” ચોથું અંગ ન હોય તો ત્રણે અંગ મળ્યાં - ન મળ્યાં બરાબર બને છે અને ભવ-ભ્રમણનું “જ” કારણ બને છે. “જ્યારે”
ચોથા અંગની પ્રાપ્તી હોય “તો” બાકીનાં ત્રણે અંગ મળ્યાં બરાબર કહેવાય અને મનાય છે અને મળે‘જ’ છે. “માટે” જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ અને સાધુ-સંસ્થા માટે “મોક્ષ-જ્ઞાન-ધર્મ” “એજ” જીવન છે. “એજ” સાધનાં છે. “અને-એજ” સાધ્ય કરવાનું છે.
“માટે-એમ-કહેવાય-કે”
જૈન સંપ્રદાયનો “આત્મા જ” મોક્ષ-જ્ઞાન-ધર્મ છે.
“અને”
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગરનો” જૈન સંપ્રદાય
“એ” જૈન સંપ્રદાય નથી -
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગરનું” શ્રી જિન શાસન
“એ” શ્રી જિન શાસન નથી.
“અને”
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગરનું” જીવન
“એ” જીવન નથી. “અને”
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગરનું” સાધુપણું
“એ” સાધુપણું નથી.
“અને”
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગર” શ્રી તિર્થંકર પરમાત્માને માનવાં “છતાં” ન માન્યાં બરાબર “જ” છે.
“અને”
મોક્ષ-જ્ઞાન-ધર્મ “વગર” શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનું - શ્રી જિન શાસન - શ્રી વીર શાસન “જ” નથી.

જૈનો જાગો - આતમ્ જગાડો
રમેશ વેલાણી

## વિશેષાંક-૧૭

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં મહાનિર્વાણ કલ્યાણક પછી લગભગ ૨૫૦૦ વર્ષ સુધી શ્રી વીર પ્રભુએ આપેલાં મોક્ષ-જ્ઞાન-ધર્મને - શ્રી વીર પ્રભુએ સ્થાપેલાં મોક્ષ-જ્ઞાન-માર્ગને અને શ્રી વીર પ્રભુએ રચાવેલાં અને શ્રી ગણધર પરમાત્માઓએ રચેલાં મોક્ષ-જ્ઞાનનાં - શ્રી શાસ્ત્રોને જાળવવાં-સાચવવાં-સુરક્ષીત રાખવાં અને રક્ષા કરવાં "માટે" જૈન સંપ્રદાયનાં - શ્રેષ્ઠીઓ-ટ્રસ્ટીઓ સહિત સાધુ-સંસ્થાનાં મહાન શ્રી આચાર્ય ભગવંતોએ યુક્તિ-પ્રયુક્તિઓ રચીને - જીવનને હોડમાં મુકીને - પ્રાણનાં (જીવનનાં) બલિદાનો આપીને "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" શ્રી શાસ્ત્રોનો ધ્વંસ થતો અટકાવ્યો છે - વિનાશમાંથી બચાવ્યાં છે. "માટે-જ"

જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થા "એ" મોક્ષ-જ્ઞાન-ધર્મનો" આધાર સ્થંભ છે - જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થા "એ" "મોક્ષ-જ્ઞાન-ધર્મની જતન કરવાવાળી જનેતાં છે". જૈન ધર્મનાં" ધ્વંસ થવાનાં - વિનાશ થવાનાં - સંજોગ ઉપસ્થિત થાય "તો" જૈન સંપ્રદાય - સંપૂર્ણ એક મતિએ - એક ગતિમાં રહેવા માટે - પૂર્ણ એકતાં ધારણ કરીને - સંપૂર્ણ સામર્થ્યથી પ્રતિકાર કરીને - "મોક્ષ-જ્ઞાન-ધર્મને" સુરક્ષીત રાખે છે. "અને-એજ" જીવનમાં કરવાં યોગ્ય છે.

"પણ જ્યારે"

જૈન સંપ્રદાયની - સાધુ-સંસ્થાનાં - "જ" કહેવાતાં કે મનાતાં - ધર્માચાર્યો કે આચાર્યો - ધર્મનો વેશ પહેરીને "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" ધ્વંસ કરતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" નાશ કરતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" વિનાશ કરતાં હોય - જૈન સંપ્રદાયનાં મોટા ભાગનાં શ્રાવક-શ્રાવિકાઓનાં સમુહને "મોક્ષ-જ્ઞાન-ધર્મ"થી અજ્ઞાનમાં રાખતાં હોય. "અને"

જે શ્રી આચાર્યજીઓ કે શ્રી ધર્માચાર્યો "મોક્ષ-જ્ઞાન-ધર્મ" આપતાં હોય, તેમની ટીકા-નિંદા કે વિરોધ કરીને વિઘ્નો નાખતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ" આપનાર ઉપર તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરીને ભયભીત બનાવતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ને શ્રી જિન શાસનનો ધર્મ "જ" ગણતાં કે ગણાવતાં ન હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" ઉપદેશ આપનારા શ્રી ધર્માચાર્યોને - ઉપાશ્રયમાં આવતાં રોકવાં માટેનો આદેશ સંઘો પાસે કરાવતાં હોય - સંપ્રદાયનાં

**"જ્ઞાન - એજ - ધર્મ છે"**
**મોક્ષ જ્ઞાન ધર્મ સહિતની ક્રિયા એ શ્રાવક-શ્રાવિકાઓનો આચાર છે.**
**મોક્ષ-જ્ઞાન-ધર્મ સહિતની સાધનાં-ભક્તિ એ સાધુ-લક્ષણ છે.**
**મોક્ષ - જ્ઞાન - ધર્મ સહિતનો યોગ - ઉપયોગ - પ્રયોગ એ શ્રી ધર્માચાર્ય - શ્રી આચાર્યજીનું સ્વરૂપ છે.**
**"અને"**
**મોક્ષ-જ્ઞાન-ધર્મનો પ્રકાશ-પ્રભાવ-પ્રચાર-પ્રસાર**
**"એજ"**
**શ્રી જિન શાસનનાં જય-જયકારે - શ્રી ગચ્છાધિપતિઓનું "જગત-કલ્યાણકારી - મહાન કાર્ય છે".**

"માત્ર"

ધર્મનો વેશ પહેરેલાં સાધુનો વેશ પહેરેલાં વેશધારીઓ જ કહેવાય. "કારણ-કે"

**જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થા એ "માત્ર" "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ને સાચવનારી - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ની સાધનાં કરનારી અને "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નો બોધ આપીને - મોક્ષધર્મની 'જ' સાધનાં-આરાધનાં કરાવનારી સંસ્થા છે.**

# "ભ્રમણબોધ "એજ" મિથ્યાત્વ "અને" ભવમુક્તિબોધ એજ સમકિત"

સંપ્રદાયની સાધુ-સંસ્થા "એ" "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નો શણગાર છે - જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થા "એ" જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓને "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ની પ્રાપ્તીનું 'એક-માત્ર' સાધન છે. જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થાએ જૈન સંપ્રદાયમાં - ભાવિમાં - જન્મનાર શ્રાવક-શ્રાવિકાઓને પરંપરાગત રીતે "મોક્ષ-જ્ઞાન-ધર્મ" પ્રાપ્તી થઈ શકે - અનુસરી શકે એવી અનુસરાવનાર સંસ્થા છે.

"અને-તેથી-જ"

"મોક્ષ-જ્ઞાન-ધર્મ" આપનાર શ્રી શાસ્ત્રોને - જાણીને - માનીને - શ્રધ્ધીને - આરાધન કરનાર અને જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓને "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નાં માર્ગમાં લાવનાર - સાધુ-સંસ્થા અને "એ" સાધુ-સંસ્થાનાં વેશનો અત્યંત્ય આદર અને ગૌરવ જૈન સંપ્રદાય સ્વિકારીને અત્યંત્ય ભક્તિ ભાવે વંદનાં કરે છે. "આવી-રીતે" જૈન સંપ્રદાયમાં "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ને સુરક્ષીતતાંથી સુરક્ષીતપણે - સુરક્ષીત રખાય છે - જળવાય છે.

"અને-એમાં-જો"

અન્ય ધર્મીઓ તરફથી - વિધર્મીઓ તરફથી - ધર્મનાં ઘાતકીઓ - ધર્મનાં ખાટકીઓ તરફથી "મોક્ષ-જ્ઞાન-

**"ગુણોનાં ગુણે-સુગુરૂ-સદ્ગુરૂ"**

**કુગુરૂનાં ગુણ-લક્ષણ-કાર્યો "એજ" વર્ણવી શકે "કે"**
**જેઓએ-સ્વયમ્-સુગુરૂનાં ગુણ-લક્ષણોનો પ્રભાવ ધારણ કર્યો હોય. "અને"**
**કુગુરૂનાં લક્ષણો અને કાર્યો એવાં જીવો ન સ્વિકારી શકે "કે"**
**જેઓ સ્વયમ્ કુગુરૂપણાંમાં વર્તતાં અને રહેતાં હોય. "અને"**
**ધર્મનો વેશ પહેરીને - મોક્ષધર્મનો નાશ કરતાં હોય છે.**
**"અને"**
**આત્માનુભવી સદ્ગુરૂ-સંતનાં અંતર સ્વભાવનું વર્ણન કોણ કરી શકે ? "કે-જેણે"**
**સ્વયમ્ સદ્ગુરૂ-સંતનાં ભાવ - વિચાર - ગુણ - પ્રભાવ - સ્વભાવ - ધર્મ - ધર્મનો મર્મ - અંતર અવસ્થા - આત્મધર્મની વ્યવસ્થા - કર્મનો ઉદય - પ્રકૃતિનો પ્રભાવ - ભવ-ભવાંતરની - ભાંતિગળ - ભવ્યતાંનો પ્રકાશ અને આત્માનો અનુભવ જેણે અનુભવ્યો છે. "એવાં"**
**આત્માનુભવિ - આત્મ સાક્ષાત્કારી - જ્ઞાન સ્વભાવી સદ્ગુરૂ-સંત 'જ' શ્રી ઈષ્ટદેવોનું - શ્રી તિર્થંકર પરમાત્માનું અનુભવગમ્યનું વર્ણન અને સદ્ગુરૂ-સંતનાં અનુભુતિ પ્રભાવથી ગુણ - લક્ષણો અને સ્વભાવથી વર્ણન વર્ણવી શકે છે.**

શ્રાવક-શ્રાવિકાઓને જ્યાંથી "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નું વાંચન મળતું હોય "એ" વાંચનનો પ્રતિબંધ ફરમાવતાં હોય - શ્રી શાસ્ત્રોમાં આપેલાં "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ને અપભ્રષ્ટ કરીને શ્રી શાસ્ત્રોનો "જ" અનર્થ કરતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"થી ભ્રમિત કરવાં - અજ્ઞાનમાં રાખવાં "માટે" મોક્ષનો 'જ' છેદ ઉડાડી દેતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"ને પારકો 'જ' ધર્મ ગણાવતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નો ધ્વંસ કરવાં - વિનાશ કરવાં "દેહલક્ષી - અર્થ આધારીત" પુન્યબોધનું-ભ્રમણબોધનું "અને-એજ" મિથ્યાત્વબોધનું સ્થાપન કરતાં હોય - "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નો ધ્વંસ કરવા "માટે" સાધુ-સાધ્વીજીઓને તેમજ શ્રાવક-શ્રાવિકાઓને - શ્રી શાસ્ત્રો વાંચનનો પ્રતિબંધ ફરમાવીને - શ્રી શાસ્ત્રો જ્ઞાનથી વંચિત રાખતાં હોય (સ્વયં સંસારી પંડિતો પાસેથી શ્રી શાસ્ત્રોની જ્ઞાન જાણકારી લેતાં હોય છે). "મોક્ષ-જ્ઞાન-ધર્મ"નો ધ્વંસ કરવાં "માટે" સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ સત્યની ઝુરણાંએ સવાલો પુછે "ત્યારે" જવાબો આપવાનું ટાળીને - ધાકમાં રાખીને - ભય બતાવીને મૌન કરે છે - સંઘનાં ટ્રસ્ટીઓને હાથમાં રાખીને કે દબડાવીને (આશાતનાંનો ભય કે તંત્રો-મંત્રોનો ભય બતાવીને) ચુપ કરી દે છે અને મહાસંઘને નિષ્ક્રીયતાંમાં રાખે છે.

"આવી-રીતે"-"જ્યારે"

જૈન સંપ્રદાયમાં - શ્રી જિન શાસનમાં શ્રી વીર પ્રભુનાં શાસનમાં - જૈન સંપ્રદાયની "જ" સાધુ-સંસ્થામાં રહેલાં "મિથ્યાત્વમાંથી મહા મિથ્યાત્વી બનેલાં" ધર્મનો વેશ પહેરેલાં - સંપ્રદાયમાં નામી પ્રભાવી ગણાતાં પ્રખર વાણી-વિલાસમાં રાચતાં - તંત્રો-મંત્રોને અને "અર્થ"ને જ જીવનલક્ષ બનાવેલાં - દેહને સુખ-સંજોગમાં રાખનાર - દિક્ષા સમયે લીધેલી પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞાનો - સમયે-સમયે - ક્યારેક મનથી - ક્યારેક વિચારોથી - ક્યારેક વાણીથી અને ક્યારેક કર્મ-કાયા-કાર્યોથી સતત ભંગ કરનાર - પ્રતિજ્ઞાને તોડનાર - જૈન સંપ્રદાયની "જ" સાધુ-સંસ્થાનાં કહેવાતાં ગણાતા - ગણ્યાં-ગાંઠ્યા - ધર્માચાર્યો કે આચાર્યો "જ્યારે"

જૈન સંપ્રદાયમાં શ્રી જિન શાસનમાં - શ્રી વીર પ્રભુનાં શાસનમાંથી "મોક્ષ-જ્ઞાન-ધર્મનો" ધ્વંસ કરતાં હોય - નાશ કરતાં હોય - વિનાશ કરતાં હોય અને શ્રી તિર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ કરતાં હોય - શ્રી શાસ્ત્રોનો દ્રોહ કરતાં હોય "અને"

જૈન સંપ્રદાયનાં મોટા ભાગનાં શ્રાવક-શ્રાવિકાઓને - "પોતાનાં પ્રભાવનાં બળે" - "મોક્ષ-જ્ઞાન-ધર્મથી" અજ્ઞાન-વિમુખ રાખતાં હોય "એવાં" સાધુ-સંસ્થામાં રહેલાં કોઈ "પણ" સાધુ-સાધ્વીજી કે કહેવાતાં આચાર્ય કે ધર્માચાર્ય "એ" સાધુ-સંસ્થાનાં સાધુ "જ" નથી.

"માટે-જ"

જગતમાં - જૈન સંપ્રદાય સર્વશ્રેષ્ઠ સંપ્રદાય છે. જગતમાં સર્વશ્રેષ્ઠ સાધુ-સંસ્થા એ જૈન સંપ્રદાયની "જ" સાધુ-સંસ્થા સર્વશ્રેષ્ઠ છે. "અને"

જગતમાં સર્વશ્રેષ્ઠ મોક્ષધર્મ - એ જૈન સંપ્રદાયમાં સ્થપાયેલો અને આરાધાતો "મોક્ષ-જ્ઞાન-ધર્મ" છે.

"અને-માટે-જ"

જગતમાં સર્વશ્રેષ્ઠ ધર્મ શાસન અને સનાતન મોક્ષ ધર્મ શાસનમાં શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનના શાસનની ગણનાં થાય છે.

"અને"

એ મોક્ષ ધર્મ શાસનને સ્થિર અને શુધ્ધ રાખવાનું મહાન કાર્ય - માં ભગવતિ શ્રી ચક્રેશ્વરી માં - અનુશાસનમાં રાખીને - અનુસરે છે.

**"આરાધનાં-વિરાધનાંનો ભેદ"**

**શ્રી શાસ્ત્રકારોએ કુગુરૂઓનાં દોષ-લક્ષણો અને કાર્યો વર્ણવ્યાં અને શ્રી શાસ્ત્રોનાં જાણકારો, "પણ-જો"**
**પાંચ-વિષયોમાં મન-વિચાર-વાણી કે કાર્યોથી કાર્યરત રહે તો નરકવાસ પામે - એવું ફરમાવીને શ્રી શાસ્ત્રકારોએ શું સાધુવેશની નિંદા કરી ગણાય ? સાધુ-સંસ્થાની નિંદા કરી ગણાય ? (કુગુરૂઓ અને શ્રી શાસ્ત્રોનાં જાણકારો "તો" સાધુવેશમાં 'જ' હોય છે) (વિસ્તૃત વિચારણાં "જ્ઞાન-સ્વભાવ" લેખમાળામાં કરેલી છે).**
**"શ્રી જિન-શાસનની-સેવાર્થે"**
**જૈન સંપ્રદાયનાં દરેક શ્રાવક-શ્રાવિકાઓએ સુગુરૂનાં લક્ષણો અને કુગુરૂનાં લક્ષણો જાણવાં અત્યંત્ય અનિવાર્ય છે અને ગણાય છે.**
**"નહીંતર"**
**જાણતાં-અજાણતાં સુગુરૂ સ્વરૂપનાં મોક્ષધર્મ-મોક્ષમાર્ગ આપનાર સાધુ - સાધ્વીજીની - શ્રી ધર્માચાર્ય કે શ્રી આચાર્યજીની ટીકા-નિંદા કરીને વિરોધ-વિઘ્નો નાખીને શ્રાવક-શ્રાવિકાઓથી વિરાધનાંનો - શ્રી જિન શાસનની વિરાધનાંનો અતિ બળવાન મહાદોષને પામે છે - ભોગવે છે. "તેવી જ રીતે"**
**કુગુરૂ સ્વરૂપનાં ભ્રમણબોધ - પુન્યબોધ આપનારની સેવા-ભક્તિ અને અર્થથી વૈયાવચ્ચ કરનાર શ્રાવક-શ્રાવિકાઓ જાણતાં-અજાણતાં શ્રી જિન શાસનની અને પરોક્ષ સાધુ-સંસ્થાની અતિ મહાબળવાન વિરાધનાંનો મહાદોષ પામે છે.**

# જૈનો જાગો - આતમ્ જગાડો

રમેશ વેજાણી

## વિશેષાંક-૧૭

જૈન સંપ્રદાયનાં ઈતિહાસ પ્રમાણ અનુસાર શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલાં મોક્ષ-જ્ઞાન-ધર્મ સ્વરૂપનાં શ્રી શાસ્ત્રો અને મોક્ષમાર્ગ - મોક્ષધર્મ ઉપર જ્યારે-જ્યારે આફતો આવી છે, સમય-સંજોગથી પ્રતિકુળ અવસ્થાએ ખંડન થવાનાં સંજોગ આવ્યાં છે.

‘‘ત્યારે-ત્યારે’’

જૈન સંપ્રદાયનાં ગુણવાન અને હિંમતવાન શ્રેષ્ઠી-ટ્રસ્ટીઓ સહિત મહાન શ્રી આચાર્ય ભગવંતોએ જીવન કર્તવ્ય બનાવીને - જીવન લક્ષ સ્થાપીને - જૈન સંપ્રદાયનાં ‘‘મહાન-મોક્ષધર્મની’’ રક્ષા-સુરક્ષા પ્રાણનાં ભોગે ‘‘પણ’’ કરેલી છે.

‘‘પણ-જ્યારે’’

જૈન સંપ્રદાયનાં ‘જ’ સાધુવેશમાં રહેલાં કુગુરૂઓ-અધર્માચાર્યો-મિથ્યાચાર્યો - ધર્મનો વેશ પહેરીને - ધર્મનાં નામે જૈન સંપ્રદાયમાંથી મોક્ષધર્મનું - મોક્ષમાર્ગનું ખંડન કરતાં હોય - મોક્ષમાર્ગનો નાશ કરતાં હોય - મોક્ષધર્મનો વિનાશ કરતાં હોય ‘‘અને-તેમાં’’ મોક્ષધર્મથી - નથી પણ સાથે-સાથે આપણાં ભાઈઓ-બહેનો-સંતાનો અને આપણે ત્યાં જન્મ લેનાર આપણાં વારસદારો ‘‘પણ’’ અનંત ભવ-ભ્રમણમાં ભટકશે અને અનંતા-અનંત દુ:ખો પામવામાં આપણે નિમિત્ત કારણ બનશું. ‘‘માટે’’

જૈન સંપ્રદાયમાં મોક્ષધર્મ અને મોક્ષમાર્ગને જાળવવો - સાચવવો અને પ્રકાશીત રાખવા ‘‘માટે’’ સાધુ-સંસ્થા પાસેથી ‘‘એક-માત્ર’’ મોક્ષધર્મની - મોક્ષમાર્ગની ‘જ’ માગણી કરવી - પ્રાર્થનાં કરવી - વિનંતિ કરવાં યોગ્ય ‘‘એજ’’ ‘‘એક-માત્ર’’ જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ પાસે ઉપાય છે અને ‘‘એજ’’ ઉપાય યોજવો ‘‘એજ’’ શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો ધર્મ છે. ‘‘અને-એજ’’ ‘‘ધર્મનો-ધર્મ છે’’ અને ‘‘એમાંથી-જ’’ ‘‘ધર્મનો-મર્મ’’ પ્રગટ થશે.

‘‘અને’’

આપણાં જૈન સંપ્રદાયનાં પુર્વમાં - પુર્વજોએ આપેલાં મોક્ષધર્મની રક્ષા અર્થે આપેલાં બલિદાનો એળે નહીં જાય અને તેમણે આપણી ઉપર કરેલો ઉપકાર સ્વિકારીને ભાવિ વારસદારો ‘‘માટે’’ એજ પરંપરાને અનુસરવામાં જ બાળજીવો ધર્મ ધારણ કરી લે છે. ‘‘અને-એજ’’ પરંપરાની પરંપરા છે. અને ‘‘એજ’’ પરંપરાને જાળવીએ અને ‘‘એ’’ પરંપરાને જાળવવામાં - સિધ્ધાંતધારી માં ભગવતિ શ્રી ચકેશ્વરી માં - અપરંપાર કૃપાનું દાન વરસાવે છે. ‘‘અને-

## ‘‘મિથ્યાત્વે-મિથ્યાચાર્ય’’

**જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થાનાં જે-કોઈ ધર્માચાર્ય મોક્ષધર્મ-મોક્ષમાર્ગનો ઉપદેશ આપવાની ‘‘બદલે’’ પુન્યબોધ-ભ્રમણબોધ ‘‘એજ’’ અધર્મબોધ અને એજ મિથ્યાત્વબોધ આપે છે. ‘‘તેઓ’’ સાધુવેશમાં રહેલાં મિથ્યાચાર્યો કહેવાય છે. ‘‘તેઓ-માત્ર’’ સાધુનો વેશ બતાવીને ભય પમાડીને વેશનો આગ્રહ કરાવીને માન-સ્વમાન અને સત્કાર મેળવે છે. ‘‘અને-બાળજીવોને’’ ધર્મનાં નામે - પુન્ય બંધાવવાનું દેખાડીને ભવ-ભ્રમણમાં ભટકાવી દે છે. અને સ્વયમ્ દુર્ગતિને પામે છે. ‘‘એવાં મિથ્યાચાર્યોની’’ વાણી અને દ્રષ્ટિ મિથ્યાત્વથી ભરેલી હોવાથી જ્યાં-જ્યાં વાણી અને દ્રષ્ટિ પડે ત્યાં-ત્યાં અનંતા-અનંત દુ:ખોનો ઉદ્ભવ થાય છે. ‘‘પછી-એ’’ તેમનાં શિષ્ય-શિષ્યાઓ હોય કે શ્રાવક-શ્રાવિકાઓ હોય કે શ્રાવકોનાં કુટુંબો હોય કે પછી સમાજ-સંઘ હોય જ્યાં-જ્યાં મિથ્યાચાર્યોનું આધપિત્ય કે અધિકાર હોય ત્યાં-ત્યાં મિથ્યાત્વનું પ્રભુત્વ સ્થપાય છે. ‘‘અને’’ મિથ્યાત્વનું પ્રમુખ અને પ્રગટ લક્ષણ અનંત ભવ-ભ્રમણ અને અનંતા-અનંત દુ:ખોનું વેદન.**

# ‘‘ભ્રમણબોધ ‘‘એજ’’ મિથ્યાત્વ ‘‘અને’’ ભવમુક્તિબોધ એજ સમકિત’’

મોક્ષમાર્ગથી અજ્ઞાન અને અજ્ઞાત રહેલાં - સંઘ-સંઘોનાં ટ્રસ્ટીઓ-શ્રેષ્ઠીઓ - ધર્મનાં નામે અંધશ્રધ્ધાથી પ્રેરાયને કુગુરૂઓની આજ્ઞામાં વર્તવાનાં આશયથી - કુગુરૂઓને મોક્ષધર્મનાં - મોક્ષમાર્ગનાં વિનાશમાં જાણતાં-અજાણતાં સાથ-સહયોગ અને સહકાર આપતાં હોય - અને શ્રાવક-શ્રાવિકાઓનો મોટો સમુહ - ધર્મનાં નામે - અંધ બનીને - અંધશ્રધ્ધાથી પિડાયને પરોક્ષપણે ‘‘જ્યારે’’ મોક્ષધર્મનાં - મોક્ષમાર્ગનાં ખંડનમાં - પતનમાં - સાથ-સહયોગ આપતાં હોય ‘‘ત્યારે’’ જૈન સંપ્રદાયમાં - મોક્ષ-જ્ઞાન-ધર્મ - મોક્ષમાર્ગ અને મોક્ષધર્મની રક્ષા કરવાનું - સુરક્ષીત કરવાનું કાર્ય કોનું ? ‘‘તેનો-વિચાર’’

જૈન સંપ્રદાયની સાધુ-સંસ્થાનાં સારા અને સાચા સાધુ-સાધ્વીજીઓ અને શ્રી ધર્માચાર્યો વિચારે. ‘‘તેવી જ - રીતે’’

મોક્ષધર્મને - મોક્ષમાર્ગને - સાચવવાં - જાળવવાં માટે જૈન સંપ્રદાયનાં જાગૃત ટ્રસ્ટીઓ અને શ્રેષ્ઠીઓએ શું કરવું ? તેની વિચારણાં પ્રજ્ઞાવંત ટ્રસ્ટીઓ વિચારે. અને શ્રેષ્ઠીઓ સહયોગ આપે ‘‘અને’’

જૈન સંપ્રદાયમાં મોક્ષધર્મ - મોક્ષમાર્ગને - પ્રકાશીત રાખવામાં - પ્રવાહીત રાખવામાં - જૈન સંપ્રદાયનાં ઝુરણાંવાળા - જીજ્ઞાસાવૃત્તિવાળા - આરાધન કરવાવાળા - શ્રાવક-શ્રાવિકાઓ - કુગુરૂને - અધર્માચાર્યોને - મિથ્યાચાર્યોને ઓળખે અને ઓળખીને આરાધન કરે ‘‘એમાંજ’’ જૈન સંપ્રદાયમાં મોક્ષધર્મ અને મોક્ષમાર્ગની રક્ષા રહેલી છે.

‘‘કારણ’’

જૈન સંપ્રદાયમાં ‘‘મોક્ષ-જ્ઞાન-ધર્મ’’ અને મોક્ષધર્મ-મોક્ષમાર્ગની રક્ષા કરવી - સુરક્ષીત રાખવો ‘એ’ ‘‘જૈનમાત્રનું’’ જીવન કર્તવ્ય છે.

‘‘અને-એમાંજ’’

આત્મહિત અને આત્મકલ્યાણ રહેલું છે.

‘‘અને-એજ’’

જૈન સંપ્રદાયનું સર્વશ્રેષ્ઠપણું છે અને
જૈનકુળનાં માનવભવનું સાર્થકપણું છે.

‘‘અને-જો’’

આપણે જૈન સંપ્રદાયમાં મોક્ષધર્મ અને મોક્ષમાર્ગનો વિનાશ થતો નહી અટકાવીએ તો

‘‘માત્ર’’

આપણે જ ભવ-ભ્રમણમાં ડુબતાં કે ભટકતાં

## ‘‘શ્રી તિર્થંકર પરમાત્માને માથે રાખીને - શ્રી ચકેશ્વરી માંની સાક્ષીએ સાક્ષી’’

**જગતનાં ધર્મ સંપ્રદાયનાં ધર્મગુરૂઓનાં અને જૈન સંપ્રદાયનાં સુગુરૂઓનાં ગુણ-લક્ષણો અને સ્વભાવ અલગ-અલગ છે. ‘‘તેવી-જ-રીતે’’ જગતનાં ધર્મ સંપ્રદાયનાં અધર્મગુરૂઓનાં અને જૈન સંપ્રદાયનાં કુગુરૂઓનાં દોષ-લક્ષણો અને કાર્યો અલગ-અલગ છે, ‘‘માટે-જ’’ જૈન સંપ્રદાય જગતમાં સર્વશ્રેષ્ઠ છે. અને જૈન સંપ્રદાય ઉચ્ચતાંને અને શુધ્ધતાંને પામેલો સંપ્રદાય છે. અને તેને જાળવવો ‘‘એ’’ જૈન સંપ્રદાયનાં દરેક જીવાત્માનું જીવન કર્તવ્ય છે.**

**‘‘ત્યારે’’**

**૧. સાધુ-સંસ્થાનાં જે ધર્માચાર્યો કે કહેવાતાં આચાર્યો મોક્ષધર્મ-મોક્ષમાર્ગ આપવાની ‘‘બદલે’’ ભ્રમણબોધ-મિથ્યાબોધ આપતાં હોય તેની ચર્ચા-વિચારણાં કરવી એ-શું સાધુ-સંસ્થાની વિરાધનાં છે ?**

**૨. સાધુ-સંસ્થાનાં જે ધર્માચાર્યો કે કહેવાતાં આચાર્યો દર વર્ષે સંપ્રદાયમાંથી કરોડોનાં કરોડો રૂપિયા ધર્મનું નામ આપીને હિસાબ આપ્યાં વગર લઈ જતાં હોય તેની ચર્ચા વિચારણાં કરવી ટીકા-નિંદા કરવી એ શું સાધુ-સંસ્થાની વિરાધનાં છે?**

**૩. સાધુ-સંસ્થાનાં જે ધર્માચાર્યો કે કહેવાતાં આચાર્યો ધર્મનું નામ આપીને પુન્યનું કાર્ય ગણાવીને કરોડો રૂપિયા લઈ જઈને તિર્થ સ્થાનક બાંધીને પોતાનાં તાબામાં વહીવટમાં રાખતાં હોય તેની ચર્ચા વિચારણાં કે ટીકા-નિંદા કરવી એ શું સાધુ-સંસ્થાની વિરાધનાં છે ? (આવાં ધર્માચાર્યો પાડ્યાં ઉપર પાટુ મારીને કહે છે કે આ બધું અમારા માટે ‘‘થોડું’’ કરીએ છીએ? ‘‘તો’’ પછી મહાસંઘને સોંપીને સત્યતાં પ્રગટાવોને !)**

**૪. સાધુ-સંસ્થાનાં જે ધર્માચાર્યો કે કહેવાતાં આચાર્યો તંત્રો-મંત્રોમાં રચ્યાં-પચ્યાં રહેતાં હોય અને અર્થ પ્રાપ્તી કરાવવાનું નામ આપીને પ્રતિમાજીઓનું વેચાણ કરતાં હોય તેની ચર્ચા વિચારણાં કે ટીકા-નિંદા કરવી એ શું સાધુ-સંસ્થાની વિરાધનાં છે ?**

**૫. સાધુ-સંસ્થાનાં હજારોની સંખ્યાનાં સાધુ-સાધ્વીજીઓ પોતાનાં અધિકારમાં રાખેલાં સેંકડોની સંખ્યામાં ઉપાશ્રય સ્વરૂપનાં ફલેટોની ચર્ચા-વિચારણાં કે ટીકા-નિંદા કરવી એ શું સાધુ-સંસ્થાની વિરાધનાં છે ? ‘‘આવાં’’**

**અનેક પ્રકારનાં અનેક પ્રકારથી સાધુ-સંસ્થામાં આવેલાં દોષોની ચર્ચા-વિચારણાં ટીકા-નિંદા કરીને દુર કરવાનો પ્રયત્ન કરવો ‘‘એજ’’ શ્રી જિન શાસનની - શ્રી વીર શાસનની સેવાભક્તિ છે. ‘‘અને-એજ’’ શ્રી તિર્થંકર પરમાત્માનાં શાસનની આરાધનાંની સાધનાં-ભક્તિ છે. ‘‘અને-જેઓ’’ આવાં દોષ લક્ષણી ધર્માચાર્યો કે મિથ્યાચાર્યોને સાથ-સહકારથી સહયોગ આપે છે, ‘‘તેઓ’’ શ્રી જિન શાસનની મહાન વિરાધનાં કરે છે. ‘‘અને-તેનું તત્કાળ ફળ’’ સિધ્ધાંતધારી માં ભગવતિ શ્રી ચકેશ્વરી માં આપે છે.**

એજ’’ માં ભગવતિની કરૂણાંદ્રષ્ટિ છે.

‘‘સર્વ-સારાંશે’’

જૈન સંપ્રદાયનાં ‘જ’ શ્રાવક-શ્રાવિકાઓ સંસાર સહજ સ્વરૂપમાં રહે છે. અથવાં વર્તે છે.

‘‘તેઓ-અને-જે’’

જીવાત્માઓ સાધુ-સાધ્વીજી સ્વરૂપે કે શ્રાવક-શ્રાવિકાઓની અવસ્થામાં રહીને - મોક્ષધર્મનો - મોક્ષમાર્ગનો ‘‘મોક્ષ-જ્ઞાન-ધર્મની’’ આદર-અહોભાવથી ભાવ-વંદનાં કરે છે. ‘‘કે’’ મોક્ષધર્મની - આત્મધર્મની - મોક્ષમાર્ગની ધર્મ-સાધનાં-આરાધનાં આરાધે છે. ‘‘તેઓ-ઉપર’’

શ્રી તિર્થંકર પરમાત્માનું યોગબળ વરસે છે - જગતનાં સદ્ગુરૂ-સંતોનું સુખફળ પ્રાપ્ત થાય છે. સમ્યક-દ્રષ્ટિ દેવ-દેવીઓની સહાયતાં મળે છે. ‘‘અને’’

માં ભગવતિ શ્રી ચકેશ્વરી માં ની અત્યંત્ય કૃપાદ્રષ્ટિ રહે છે. ‘‘અને-જેઓ’’

મોજ્ઞ-જ્ઞાન-ધર્મનું - મોક્ષધર્મનું - મોક્ષમાર્ગનું ખંડન કરે છે - નાશ કરે છે - વિનાશ કરે છે - વિરોધ-વિઘ્નો આદિ પ્રકારે અંતરાયો ઉભા કરે છે - કરાવે છે - તેમાં સાથ-સહયોગ આપે છે. ‘‘તેની-ઉપર’’

સર્વ પ્રકારનાં દુ:ખો સહિત અનેક પ્રકારની આફતો અને આપતિઓ આવે છે અને ઘણાં-ઘણાં દુ:ખો ઘણાં પ્રકારથી ભોગવે છે. ‘‘અને’’

માં ભગવતિ શ્રી ચકેશ્વરી માંની અત્યંત્ય ખફા દ્રષ્ટિ તેની ઉપર ઉતરે છે. માં ભગવતિ - સમાધાનકારી નથી ‘‘પણ’’ સિધ્ધાંતધારી છે.

**સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે નામની લેખમાળા આલેખતાં હતાં ‘ત્યારે’ જોગ-સંજોગનાં યોગ-અવસર આધારે અટકાવીને જૈનો જાગો - આતમ્ જગાડો વિશેષાંકનાં લેખો લખીને ૧૭માં વિશેષાંકે અપૂર્ણતાંપુર્વક અટકાવીને આવતાં સપ્તાહથી સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવેનો સારાંશ ૧૪મો યોગ-અવસરે આપવામાં આવશે. (૧ થી ૧૩ સારાંશ પુર્વમાં આપેલ છે.)**

આનંદ - આનંદ - આનંદ

પ્રભુ - પ્રભુ - પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.